પાર્કિંગના નિયમોના ભંગ કરનારા લોકોને સૌથી વધુ 35,894 ચલણ મોકલાયા

વડોદરામાં ટ્રાફિક નિયમોના ભંગ કરવા બદલ ૧૧ મહિનામાં વાહન ચાલકોને રૂ.૭.૬૦ કરોડનો દંડ ફટકારાયો

મોબાઈલ પર વાત કરતાં વાહન ચલાવવાના 12 હજાર કેસ જેમાં ટ્રાફિક પોલીસ દ્વારા 1.11 લાખથી વધુ મેમા ઈસ્યુ કર્યા

ટ્રાફિક પોલીસ દ્વારા કોને કેટલો દંડ ફટકારાયો

નિયમભંગ	ચલણ	દંડની રકમ
ખોટું પાર્કિંગ	35,894	2.30 કરોડ
બાઇક પર વધુ સવારી	18,227	22.48 લાખ
કાયદેસરના આદેશનો ભંગ		1.70 કરોડ
મોબાઇલનો ઉપયોગ	12,007	90.11 લાખ
ટ્રાફિક સિગ્નલ ભંગ	10,655	56.66 લાખ
સીટ બેલ્ટ વગર	8,741	44.05 લાખ
જોખમી ડ્રાઇવિંગ	5,399	1.11 કરોડ
હેલ્મેટ વગર	3,369	19.64 લાખ
રેસિંગ/ઝડપના ટ્રાયલ	174	11.86 લાખ
વધુ ઝડપ	76	1.90 લાખ

કુલ ચલણ 1,11,743. કુલ દંડની રકમ. 7.60 કરોડ



જોખમી ડ્રાઇવિંગ કરનારાઓને પોતાની ભૂલ સૌથી મોંઘી પડી

વડોદરા શહેરમાં ટ્રાફિક નિયમોના ભંગ બદલ થયેલી કાર્યવાહીમાં જોખમી રીતે વાહન ચલાવવાના માત્ર 5,399 કેસ નોંધાયા હોવા છતાં આ કેટેગરીમાં રૂ.1.11 કરોડથી વધુ દંડની રકમ નોંધાઈ છે. જ્યારે કાયદેસરના આદેશોનું પાલન નહીં કરવાના 17,201 કેસમાં રૂ.1.70 કરોડથી વધુની રકમ નોંધાઈ છે. બીજી તરફ, મોબાઇલ ફોન પર વાત કરતાં વાહન ચલાવવાના 12,007 કેસમાં રૂ.90.11 લાખનો દંડ નોંધાયો છે. આ આંકડા દર્શાવે છે કે રસ્તા પરની બેદરકારી માત્ર નિયમભંગ પૂરતી મર્યાદિત નથી, પરંતુ અન્ય વાહનચાલકો અને રાહદારીઓની સુરક્ષા માટે પણ જોખમ ઊભું કરે છે.

(પ્રતિનિધિ) વડોદરા, તા. 9 વડોદરા શહેરમાં ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનચાલકો સામે ટ્રાફિક પોલીસ દ્વારા સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. વર્ષ 2026માં 1 જાન્યુઆરીથી 6 નવેમ્બર સુધીના સમયગાળામાં ટ્રાફિકના વિવિધ નિયમોના ભંગ બદલ 1,11,743 ચલણ ઈશ્યૂ કરવામાં આવ્યાં છે. આ ચલણ પેટે રૂ.7,59,93,560 નો દંડ ફટકારવામાં આવ્યો છે. ટ્રાફિક પોલીસ દ્વારા કડકાઈથી કાર્યવાહી કરવામાં આવતી હોવા છતાં શહેરમાં વાહનચાલકો દ્વારા હમ નહીં સુધરેંગે તેઓ સિદ્ધાંત બનાવી લીધો હોય તેમ ટ્રાફિકના નિયમોનો સરેઆમ ભંગ કરતા જોવા મળી રહ્યા છે વડોદરા શહેરમાં દિન પ્રતિદિન વાહનોની સંખ્યા વધી રહી છે જેના કારણે ટ્રાફિકનું ભારણ પણ વધી રહ્યું છે અલગ અલગ વિસ્તારોમાં ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તેના માટે ટ્રાફિક કર્મચારીઓ પણ તેમજ બ્રિગેડ જવાનો કરી દેવામાં આવે છે અને વિવિધ કાર્યક્રમો દ્વારા પણ ટ્રાફિક ના નિયમોનું પાલન કરવા માટેની અપીલ કરવામાં આવે છે તેમ છતાં ઘણા વાહન ચાલકો આ નિયમોનો સરેઆમ ભંગ કરતા જોવા મળી રહ્યા છે. જેના કારણે ટ્રાફિક પોલીસ દ્વારા આવા ટ્રાફિક નિયમો તોડનાર વાહન ચાલકો સામે દંડનીય કાર્યવાહી કરવાની ફરજ પડતી હોય છે. ટ્રાફિક પોલીસના આંકડા મુજબ સૌથી વધુ કાર્યવાહી પાર્કિંગના નિયમોનું ઉલ્લંઘન કરનારા સામે થઈ છે. આવા 35,894 ચલણ ઈશ્યૂ કરીને રૂ.2,30,92,850ની દંડની રકમ નોંધાઈ છે. એકથી વધુ વ્યક્તિઓને મોટરસાઈકલ પર બેસાડવાના 18,227 કેસમાં રૂ.22,48,810નો દંડ ફટકારાયો છે. જ્યારે વાહન ચલાવતી વખતે સત્તાધિકારીના કાયદેસરના આદેશનો અમલ નહીં કરવાના 17,201 કેસમાં રૂ.1,70,65,150ની રકમ નોંધાઈ છે. વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ કરવાના 12,007 કેસમાં રૂ.90,11,950, ટ્રાફિક સિગ્નલ ભંગના 10,655 કેસમાં રૂ.56,66,000 અને સીટ બેલ્ટ નહીં બાંધવાના 8,741 કેસમાં રૂ.44,05,700ની દંડની રકમ નોંધાઈ છે.આ ઉપરાંત જોખમી રીતે વાહન ચલાવવાના 5,399 કેસમાં રૂ.1,11,61,800, હેલ્મેટ વગર વાહન ચલાવવાના 3,369 કેસમાં રૂ.19,64,400, રેસિંગ અને ઝડપના ટ્રાયલના 174 કેસમાં રૂ.11,86,100 તેમજ વધુ સ્પીડના 76 કેસમાં રૂ.1,90,800ની દંડની રકમ નોંધાઈ છે.

છેલ્લાં દસ વર્ષથી અવિરત વૈદિકપરંપરાનું જતન

કાલિકા ચૌદશના પાવન પર્વે સંકટમોચન હનુમાનજી મંદિરે સુંદરકાંડ પાઠ યોજાયો



(પ્રતિનિધિ) વડોદરા, તા.9 કાલિકા ચૌદશના પવિત્ર પર્વ નિમિત્તે (MSU) કેમ્પસ, પ્રતાપગંજ સ્થિત શ્રી સંકટમોચન હનુમાનજી મંદિરે રાત્રિના સમયે ભક્તિભાવ અને શ્રદ્ધાપૂર્વક વિશેષ ધાર્મિક અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સુંદરકાંડ પાઠ, ૧૦૮ વાર શ્રી હનુમાન ચાલીસાના હવન તથા વૈદિકશાસ્ત્રોક્ત વિધિ-વિધાન અનુસાર હવન કરવામાં આવ્યો હતો. ધાર્મિક અનુષ્ઠાન દરમિયાન શ્રી હનુમાનજીની વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી હતી. હવનકુંડમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે આહુતિ અર્પણ કરી સમગ્ર વિશ્વના સુખ, શાંતિ, સમૃદ્ધિ, આરોગ્ય અને લોકકલ્યાણ માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે શ્રી સંકટમોચન હનુમાનજી મંદિર પરિસરમાં છેલ્લાં દસ વર્ષથી સતત ભારતીય વૈદિક અને પરંપરાગત ધાર્મિક પરંપરાનું જતન કરવામાં આવી રહ્યું છે. વર્ષ દરમિયાન આવતા વિવિધ ધાર્મિક તહેવારો અને પર્વોના અવસરે વેદપારાયણ, વૈદિક મંત્રોચ્ચાર, વિશેષ પૂજા-અર્ચના અને હવન સહિતનાં ધાર્મિક અનુષ્ઠાનોનું આયોજન કરવામાં આવે છે. આ તમામ અનુષ્ઠાનો વૈદિક શાસ્ત્રોક્ત વિધિ-વિધાન અને પરંપરાગત પદ્ધતિ અનુસાર સંપન્ન કરવામાં આવે છે.

આધ્યાત્મિક સાધના અને શ્રદ્ધાનું પવિત્ર કેન્દ્ર છેલ્લાં દસ વર્ષથી અવિરત ચાલતી વૈદિક ઉપાસના, વેદપારાયણ અને ધાર્મિક અનુષ્ઠાનોને કારણે આ મંદિર પરિસર શ્રદ્ધા, ભક્તિ અને આધ્યાત્મિક સાધનાનું વિશિષ્ટ કેન્દ્ર બન્યું છે. કાલિકા ચૌદશના અવસરે આયોજિત આ વિશેષ ધાર્મિક અનુષ્ઠાન દ્વારા વૈદિકપરંપરા, ભક્તિભાવ અને ભારતીય સંસ્કૃતિના સંવર્ધનનો સંદેશ આપવામાં આવ્યો હતો.

સણસોલીના હનુમાનજી મંદિરે કાળી ચૌદશે હજારો ભક્તો ઉમટ્યા

ધનતેરસની રાતથી જ દર્શન માટે ભક્તોની ભીડ, મંદિર આસપાસ પ્રકાશની વ્યવસ્થા કરવા માગ



(પ્રતિનિધિ) કાલોલ, તા.9 કાલોલ તાલુકાના સણસોલી ગામે આવેલા પવિત્ર હનુમાનજી મંદિરે કાળી ચૌદશના પાવન પર્વ નિમિત્તે હજારો ભક્તો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. ધનતેરસની રાતથી જ મંદિરમાં શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી હતી. ભક્તોએ હનુમાનજી દાદાનાં દર્શન કરી પરિવારની સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

કાળી ચૌદશના ધાર્મિક પર્વે મંદિર પરિસર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઊઠ્યો હતો. દૂરદૂરથી આવેલા શ્રદ્ધાળુઓએ દાદાનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી. જોકે, એક તરફ મંદિરમાં ભક્તોની ભારે ભીડ હતી, તો બીજી તરફ મંદિર આસપાસ સ્ટ્રીટ લાઈટની પૂરતી વ્યવસ્થા ન હોવાથી શ્રદ્ધાળુઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ખાસ કરીને રાત્રિના સમયે અંધકારને કારણે અવરજવર કરવામાં હાલાકી પડી હતી. ગામજનો દ્વારા મંદિરના પૂજારીઓ સમક્ષ સ્ટ્રીટ લાઈટની વ્યવસ્થા કરવા અનેક વખત રજૂઆત કરવામાં આવી હોવા છતાં યોગ્ય વ્યવસ્થા ન થતાં નારાજગી જોવા મળી હતી. કાળી ચૌદશ જેવા પર્વે હજારો ભક્તો આવતા હોવાથી મંદિર આસપાસ પૂરતો પ્રકાશ હોવો જરૂરી છે.

સિંગવાઈ મેલડી માતાજીના મંદિરે વાર્ષિક પ્રાગટ્ય ઉત્સવ લાભ પાંચમના દિવસે ઉજવાશે



(પ્રતિનિધિ) કવાંટ, તા.9 કવાંટ તાલુકાના ઉમઠી ગામે ડુંગરોની હાર માળા વચ્ચે ડુંગરો પર બિરાજમાન શ્રી સિંગવાઈ મેલડી માતાજીના મંદિરે વાર્ષિક પ્રાગટ્ય ઉત્સવ લાભ પાંચમના દિવસે ઉજવનાર છે જેમાં ગાયક કલાકારો ભજન કીર્તન અને માતાજીના ડાકલા રજૂ કરશે.ગુજરાત રાજ્યના છેવાડાના તાલુકો કવાંટ ઉમઠી ગામે મધ્યપ્રદેશની સરહદ ને અડીને આવેલ હોય મેલડી માતાજીનું મંદિર દર વર્ષે લાભ પાંચમના રોજ વાર્ષિક પ્રાગટ્ય ઉત્સવ મંદિરના ભુવાજી કૌશિકભાઈ મહારાજ દ્વારા આયોજન કરવામાં આવે છે શનિવારના રોજ કારતક સુદ પાંચમ એટલે લાભપાંચમના રોજ મેલડી માતાજીના મંદિરે સવારે 9 કલાકે યજ્ઞ અને શોભાયાત્રા બપોર 1કલાકે ભજન કીર્તન રાત્રે 9 કલાકે માતાજીનો તાવો રાત્રે 12 કલાકે અને મહા આરતી માતાજી નો તાવો યોજનાર છે વાર્ષિક પ્રાગટ્ય માં સુપરસ્ટાર સીનગર રાજદીપ બારોટ ગાયક ભુવાજી પ્રવીણભાઈ લુણી લોકગાયક ભઈલું સુંદરપુરી લોકગાયક ઉર્વી રાઠવા લોક ગાયક મનીષાબેન રબારી તમામ કલાકારો ભજન કીર્તન અને માતાજીના ડાકલા થી ભક્તિમય વાતાવરણ બનાવશે મેલડી માતાજીના ભુવાજી કૌશિકભાઈ મહારાજ દ્વારા તમામ ભક્તોને હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યો છે

શિક્ષણ વિભાગે બદલ્યો નિયમ

DEO-DPEO રજા પર જાય તો ચાર્જ સોંપવાની સત્તા હવે ખાતાના વડા પાસે

વહીવટી કામગીરીમાં વિલંબ ન થાય તે માટે નવો પરિપત્ર,શિક્ષણ વિભાગની તાત્કાલિક અમલ કરવા સૂચના

(પ્રતિનિધિ) વડોદરા, તા.9 રાજ્યના શિક્ષણ વિભાગે જિલ્લા કક્ષાના વહીવટને લઈને મહત્વનો નિર્ણય લીધો છે. હવે જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી રજા પર જાય તો તેમનો ચાર્જ સોંપવાનો અધિકાર કમિશનર ઓફ સ્કૂલ્સને આપવામાં આવ્યો છે.

અત્યાર સુધીની વ્યવસ્થામાં ડીઈઓ અને ડીપીઈઓ પોતાની 15 દિવસ સુધીની રજા દરમિયાન ખાલી પડતી જગ્યાનો ચાર્જ કોને સોંપવો તે નક્કી કરી શકતા ન હતા. જેના કારણે અનેક જિલ્લાઓમાં વહીવટી કામગીરી ખોરવાતી હતી અને અરજીઓનો નિકાલ અટકી જતો હતો. આ સમસ્યાને ધ્યાને લઈને શિક્ષણ વિભાગે નવી વ્યવસ્થા અમલમાં મૂકી છે. નવા નિયમ મુજબ, જો કોઈ ડીઈઓ કે ડીપીઈઓ 15 દિવસથી વધુ સમય માટે રજા પર જવાના હોય, તો તેમના ચાર્જની સોંપણી અંગેનો નિર્ણય ખાતાના વડા એટલે કે કમિશનર ઓફ સ્કૂલ્સ કરશે. વિભાગના જણાવ્યા અનુસાર, આ નિર્ણયથી જિલ્લાઓમાં વહીવટી કામગીરીમાં સાતત્ય જળવાશે. રજા દરમિયાન પણ શાળાઓને લગતા પ્રશ્નો, કર્મચારીઓના પ્રશ્નો અને અન્ય વહીવટી કામો સમયસર પૂર્ણ થઈ શકશે. જો કોઈ અધિકારી 15 દિવસથી ઓછા સમય માટે રજા પર જાય તો તે અંગેની વ્યવસ્થા પણ પરિપત્રમાં સ્પષ્ટ કરવામાં આવી છે. આ માટે ખાતાના વડાએ અગાઉથી જ ચાર્જ સોંપણી અંગેના આદેશો કરી રાખવાના રહેશે, જેથી અચાનક રજા આવે ત્યારે પણ કામ અટકે નહીં. શિક્ષણ વિભાગે આ અંગેનો પરિપત્ર તમામ જિલ્લાઓને મોકલી આપ્યો છે

ધ ફેડરલ બેંક લિમિટેડ
FEDERAL BANK
YOUR PERFECT BANKING PARTNER
લોન કલેક્શન એન્ડ રિકવરી ડિપાર્ટમેન્ટ
મુંબઈ ડિવિઝન, 134, 13મો માળ, જોલી મેકર ચેમ્બર II, નરીમાન પોઇન્ટ, મુંબઈ-40002
સીઆઈએન (CIN): L65191KL1931PLC000368
ઈમેલ: mumlcrd@federalbank.co.in, ફોન: 8828226729
વેબસાઇટ: www.federalbank.co.in
BBYO/BBYREG/BBYF/SALE NOTICE/125/2026-2027 તારીખ : 07/11/2026

સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 (ત્યારબાદ એક્ટ તરીકે ઉલ્લેખિત)ની કલમ 8 (6) ના નિયમો સાથે વાંચતા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 હેઠળ અચલ અસ્કયામતોના વેચાણ માટેની વેચાણ નોટિસ

સામાન્ય જનતાને અને ખાસ કરીને ઋણ લેનારાઓ અને ગેરંટરને આથી નોટિસ આપવામાં આવે છે કે ધ ફેડરલ બેંક લિમિટેડ (સુરક્ષિત લેણાદાર) પાસે ગિરવે મૂકેલી/ચાર્જ કરાયેલી નીચે વર્ણવેલી અચલ મિલકત, જેનો ભૌતિક કબજો ધ ફેડરલ બેંક લિમિટેડ (સુરક્ષિત લેણાદાર)ના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તેને 'જે છે જ્યાં છે', 'જે છે જે સ્થિતિમાં છે' અને 'જે કંઈ પણ છે તે સ્થિતિમાં છે'ના ધોરણે 15/12/2026 ના રોજ વેચવામાં આવશે. માનનીય ડેબ્ટ રિકવરી ટ્રિબ્યુનલ - I, મુંબઈ સમક્ષ દાખલ કરાયેલ ઓરિજિનલ એપ્લિકેશન (O.A No.436 of 2026) મુજબ 15/09/2025ની સ્થિતિએ રૂ. 18,44,36,495.18 (રૂપિયા અઢાર કરોડ ચુંમાળીસ લાખ છત્રીસ હજાર ચાર સો પંચાણુ અને અઢાર પૈસા માત્ર)ની રકમ તેમજ 16/09/2025 થી આગળનું વ્યાજ, ચાર્જિસ અને ખર્ચ વસૂલ કરવા માટે ધ ફેડરલ બેંક લિમિટેડ (સુરક્ષિત લેણાદાર)ને ચૂકવવાપાત્ર છે, જે નીચેના પક્ષકારો પાસેથી વસૂલવાની છેઃ 1. મેસર્સ એજિસ ઇન્ફ્રાસોલ્યુશન્સ પ્રાઇવેટ લિમિટેડ, શોપ નં. ૧૫, સી-વિંગ, પ્લોટ નં. ૬, શાહ કોમ્પ્લેક્સ-૧, પામ બીચ રોડ, સેક્ટર-૧૩, સાનપાડા, નવી મુંબઈ, મહારાષ્ટ્ર ૪૦૦૭૦૫. 2. શ્રી આનંદ પ્રકાશ શર્મા, પિતાઃ શત્રુઘ્ન ઇન્દ્રદેવ શર્મા, ફ્લેટ નં. ૬૦૫, શાહ કોમ્પ્લેક્સ-IV, પ્લોટ નં. ૧૦, સેક્ટર-૧૪, સાનપાડા, નવી મુંબઈ, થાણે, મહારાષ્ટ્ર - ૪૦૦૭૦૫. 3. શ્રીમતી ઊર્મિલા શર્મા, પતિઃ આનંદ પ્રકાશ શર્મા, ફ્લેટ નં. ૬૦૫, શાહ કોમ્પ્લેક્સ-IV, પ્લોટ નં. ૧૦, સેક્ટર-૧૪, સાનપાડા, નવી મુંબઈ, થાણે, મહારાષ્ટ્ર - ૪૦૦૭૦૫. 4. શ્રી શત્રુઘ્ન વિષ્ણુ શર્મા, પિતાઃ વિષ્ણુ બુટન શર્મા, હિમગિરી કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી, B-૨૬, રૂમ નં. ૧/૧, સેક્ટર 3, સાનપાડા, નવી મુંબઈ, થાણે, મહારાષ્ટ્ર - ૪૦૦૭૦૫. 5. શ્રીમતી સવિતા શત્રુઘન શર્મા @ સવિતા શત્રુઘન શર્મા, પતિઃ શત્રુઘન વિષ્ણુ શર્મા, હિમગિરી કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી, B-૨૬, રૂમ નં. ૧/૧, સેક્ટર 3, સાનપાડા, નવી મુંબઈ, થાણે, મહારાષ્ટ્ર ૪૦૦૭૦૫. લોટ નં. 1 ની મિલકત જે કિંમતથી નીચે વેચવામાં આવશે નહીં તે અનામત કિંમત રૂ. 13,50,000/- (રૂપિયા તેર લાખ પંચાસ હજાર માત્ર) છે, લોટ નં. 2 ની મિલકત માટે અનામત કિંમત રૂ. 13,00,000/- (રૂપિયા તેર લાખ માત્ર) છે, લોટ નં. 3 ની મિલકત માટે અનામત કિંમત રૂ. 12,00,000/- (રૂપિયા બાર લાખ માત્ર) છે, લોટ નં. 4 ની મિલકત માટે અનામત કિંમત રૂ. 11,80,000/- (રૂપિયા અગિયાર લાખ એંસી હજાર માત્ર) છે, લોટ નં. 5 ની મિલકત માટે અનામત કિંમત રૂ. 11,80,000/- (રૂપિયા અગિયાર લાખ એંસી હજાર માત્ર) છે, અને લોટ નં. 6 ની મિલકત માટે અનામત કિંમત રૂ. 12,00,000/- (રૂપિયા બાર લાખ માત્ર) છે. તથા લોટ નં. 1 ની મિલકત માટે અર્નેસ્ટ મની ડિપોઝિટ (ઈએમડી) રૂ. 1,35,000/- (રૂપિયા એક લાખ પંત્રીસ હજાર માત્ર), લોટ નં. 2 ની મિલકત માટે રૂ. 1,30,000/- (રૂપિયા એક લાખ ત્રીસ હજાર માત્ર), લોટ નં. 3 ની મિલકત માટે રૂ. 1,20,000/- (રૂપિયા એક લાખ વીસ હજાર માત્ર), લોટ નં. 4 ની મિલકત માટે રૂ. 1,80,000/- (રૂપિયા એક લાખ એંસી હજાર માત્ર), લોટ નં. 5 ની મિલકત માટે રૂ. 1,18,000/- (રૂપિયા એક લાખ અઢાર હજાર માત્ર), અને લોટ નં. 6 ની મિલકત માટે રૂ. 1,20,000/- (રૂપિયા એક લાખ વીસ હજાર માત્ર) છે.

લોટ નં.	મિલકતોનું વર્ણન
1.	મિલકતના તમામ ભાગ, લક્ષ્મી વિલ્લા તરીકે ઓળખાતી પ્રોપર્ટી, મોજે - જાંબુવા વડોદરા, આર.એસ. નં. 411 વાળી જમીન પર આવેલ દુકાન નં. FF/12, પહેલો માળ, 16.79 ચોરસ મીટર બિલ્ડ-અપ એરિયા, અને ચતુર્સીમાઃ પૂર્વઃ કોમન પેસેજ, પશ્ચિમઃ OTS, ઉત્તરઃ કોમન સીડીનો ભાગ અને દક્ષિણઃ દુકાન નં. FF/11.
2.	મિલકતના તમામ ભાગ, લક્ષ્મી વિલ્લા તરીકે ઓળખાતી પ્રોપર્ટી, મોજે - જાંબુવા વડોદરા, આર.એસ. નં. 411 વાળી જમીન પર આવેલ દુકાન નં. FF/11, ૧પહે માળ, ૧૫.૯૮ ચોરસ મીટર બિલ્ડ-અપ એરિયા, અને ચતુર્સીમાઃ પૂર્વઃ કોમન પેસેજ, પશ્ચિમઃ OTS, ઉત્તરઃ દુકાન નં. FF/12 અને દક્ષિણઃ દુકાન નં. FF/10.
3.	ઇન્દ્રપ્રસ્થ તરીકે ઓળખાતી પ્રોપર્ટી, મોજે - જાંબુવા વડોદરા, આર.એસ. નં. 428/1 વાળી જમીન પર આવેલ દુકાન નં. FF/1, પહેલો માળ, ૧૮.૬૯ ચોરસ મીટર બિલ્ડ-અપ એરિયા, અને ચતુર્સીમાઃ પૂર્વઃ OTS પછી ટાવર-A, પશ્ચિમઃ કોમન પેસેજ પછી OTS, ઉત્તરઃ OTS અને દક્ષિણઃ જોડાયેલ દુકાન નં. FF/2.
4.	ઇન્દ્રપ્રસ્થ તરીકે ઓળખાતી પ્રોપર્ટી, મોજે - જાંબુવા વડોદરા, આર.એસ. નં. 428/1 વાળી જમીન પર આવેલ દુકાન નં. FF/2, ૧લો માળ, ૧૮.૩૫ ચોરસ મીટર બિલ્ડ-અપ એરિયા, અને ચતુર્સીમાઃ પૂર્વઃ OTS પછી ટાવર-A, પશ્ચિમઃ જોડાયેલ કોમન પેસેજ પછી OTS, ઉત્તરઃ દુકાન નં. FF/1 અને દક્ષિણઃ જોડાયેલ દુકાન નં. FF/3.
5.	ઇન્દ્રપ્રસ્થ તરીકે ઓળખાતી પ્રોપર્ટી, મોજે - જાંબુવા વડોદરા, આર.એસ. નં. 428/1 વાળી જમીન પર આવેલ દુકાન નં. FF/3, પહેલો માળ, ૧૮.૩૫ ચોરસ મીટર બિલ્ડ-અપ એરિયા, અને ચતુર્સીમાઃ પૂર્વઃ OTS પછી ટાવર-A, પશ્ચિમઃ જોડાયેલ કોમન પેસેજ પછી OTS, ઉત્તરઃ દુકાન નં. FF/2 અને દક્ષિણઃ જોડાયેલ દુકાન નં. FF/4.
6.	મિલકતના તમામ ભાગ, ઇન્દ્રપ્રસ્થ તરીકે ઓળખાતી પ્રોપર્ટી, મોજે - જાંબુવા વડોદરા, આર.એસ. નં. 428/1 વાળી જમીન પર આવેલ દુકાન નં. FF/4, પહેલો માળ, ૧૮.૬૯ ચોરસ મીટર બિલ્ડ-અપ એરિયા, અને ચતુર્સીમાઃ પૂર્વઃ OTS પછી ટાવર-A, પશ્ચિમઃ કોમન પેસેજ પછી OTS, ઉત્તરઃ દુકાન નં. FF/3 અને દક્ષિણઃ OTS.

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને દ ફેડરલ બેંક લિ.ની વેબસાઇટ પર આપેલી લિંક એટલે કે https://www.federalbank.co.in/web/guest/tender-notices ની મુલાકાત લો.

ધ ફેડરલ બેંક લિમિટેડ માટે,
સહી/-
પાંડુરંગ ચંદ્રકાંત ભદ્રગાંવકર
સહાયક વાઇસ પ્રેસિડેન્ટ અને બ્રાન્ચ હેડ
(સરફેસી એક્ટ હેઠળ અધિકૃત અધિકારી)

રંગો સંસ્કૃતિ અલ્પના રંગોળી ગ્રુપની ઓળખ

નવ કલાકારોની કલ્પનાથી રંગોળીમાં ખીલશે ભારતીય સંસ્કૃતિના રંગ

દિવાળીનો તહેવાર એટલે રંગોનો તહેવાર, અને વડોદરાનું અલ્પના રંગોળી ગ્રુપ આ રંગોને સંસ્કૃતિ સાથે જોડી રહ્યું છે.



(પ્રતિનિધિ) વડોદરા, તા.9 6 નવેમ્બરથી 15 નવેમ્બર 2026 સુધી, સાંજે 5 થી 10 વાગ્યા સુધી, કિર્તી મંદિરના અભિવ્યક્તિ હોલમાં એક જાદુઈ દુનિયા સર્જાશે. આ કોઈ સામાન્ય પ્રદર્શન નથી, આ પ્રેમ, કલ્પના અને તહેવારોના ઉત્સાહથી બનેલી રંગોળીઓની મહેફિલ છે.

સતીશ શિરકે, ઈન્દ્રા ઉત્તેકર, રાખી ટન્ના, સુષ્મા ધારકર, ઉમેશ મેન, મનીષ ધાનાવાડે, દિવ્યા ભટ્ટ, શ્યામા શાહ અને ભૂમિ ત્રિવેદી જેવા નવ કલાકારો તેમની આંગળીઓથી ફ્લોર પર વાર્તાઓ લખશે. ક્યાંક પરંપરાગત મંદિરની રંગોળી હશે, તો ક્યાંક આધુનિક વિચારોની છાપ.

કમળના ફૂલો અને આકાશદીવાની રોશનીમાં, દરેક રંગોળી કહેશે - અમે માત્ર રંગ નથી, અમે ભારતની આત્મા છીએ. તમે આવશો તો રંગો બોલતા સાંભળશો.

તહેવારમાં કચરાથી ભરેલું ટ્રેક્ટર ઊભું રાખવા સામે સવાલો

ડભોઈમાં દિવાળીના તહેવારો વચ્ચે આગની ઘટના મોતીબાગ પાસે કચરાની ટ્રેક્ટર ટ્રોલીમાં લાગી આગ

મોતીબાગ પાસે ટ્રોલીના ટાયર બળીને ખાક, તહેવાર દરમિયાન કચરાથી ભરેલું ટ્રેક્ટર ઊભું રાખવાની બેદરકારી સામે સવાલો



(પ્રતિનિધિ) વડોદરા, તા.9 ડભોઈ નગરમાં દિવાળીના તહેવારો દરમિયાન ફટાકડાની આતશબાજી વચ્ચે આગ લાગવાની ઘટના સામે આવી છે. ડભોઈ નગરપાલિકાના ભારત ટોકીઝ નજીક આવેલા મોતીબાગ પાસે કચરો એકત્રિત કરવા માટે રાખવામાં આવેલી નગરપાલિકાની ટ્રેક્ટર ટ્રોલીમાં આગ લાગી હતી. પ્રાથમિક માહિતી મુજબ, દિવાળીના તહેવાર દરમિયાન ફોડવામાં આવતા ફટાકડામાંથી હવાઈનો તણખો ટ્રેક્ટરની ટ્રોલી પર પડતાં આગ લાગી હોવાનું જાણવા મળ્યું છે. આગને કારણે ટ્રેક્ટર ટ્રોલીના ટાયરોએ આગ પકડી લીધી હતી અને જોતજોતામાં ટાયર બળીને ખાક થઈ ગયા હતા.

દિવાળીના તહેવારોમાં ફટાકડાની આતશબાજી દરમિયાન નાની બેદરકારી પણ મોટી દુર્ઘટનાનું કારણ બની શકે છે. સદનસીબે આ ઘટનામાં ટ્રેક્ટર ટ્રોલીના ટાયરને નુકસાન થયું હોવાની માહિતી છે.કહે છે કે દિવાળી નો ત્યૌહાર હોય કચરા ભરેલ ટ્રેક્ટર અગમચેતી રુપે હટાવી લેવા કે ખાલી કરવા ને બદલે મુકી રાખવુ કેટલુ વ્યાજબી છે નગરપાલિકા ના ચિફ ઓફીસર બનાવ ની ગંભીરતા પારખી યોગ્ય તપાસ કરે એ જરૂરી છે !!

સયાજી હોસ્પિટલમાં સારવાર શરૂ, બેદરકારી જોખમી બની

મકરપુરામાં ફટાકડા ફોડતી વેળાએ ૧૪ વર્ષીય ખુશી સિંધવને ઈજા

જીઆઈડીસી કોલોનીમાં રહેતી ખુશી સિંધવ ફટાકડા ફોડતી વખતે જમણી આંખ અને ગાલમાં ઇજા પામી



(પ્રતિનિધિ) વડોદરા, તા.9 દીવાળીના તહેવારની રોશની અને ઉલ્લાસ વચ્ચે વડોદરા શહેરમાંથી એક આંખ ઉઘાડનારો બનાવ સામે આવ્યો છે. મકરપુરા વિસ્તારની જીઆઈડીસી કોલોનીમાં રહેતી ૧૪ વર્ષીય ખુશી ભરતભાઈ સિંધવ ફટાકડા ફોડતી વખતે અકસ્માતનો ભોગ બનતા તેને ઇજાઓ પહોંચી છે. હાલમાં તેને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી છે.

૧૪ વર્ષીય ખુશી પોતાના ઘર આંગણે ઉત્સાહપૂર્વક ફટાકડા ફોડી રહી હતી. તે દરમિયાન એક ફટાકડો અચાનક અનિયંત્રિત થઈને ફૂટતા તેની જમણી આંખ અને જમણા ગાલના ભાગે ઈજાઓ થઈ હતી. અચાનક બનેલી આ દુર્ઘટનાથી પરિવારજનોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો અને ક્ષણભરમાં દિવાળીની ખુશી ચિંતામાં પલટાઈ ગઈ હતી. પરિવાર દ્વારા તાત્કાલિક ધોરણે તેને સયાજી હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં લાવવામાં આવી હતી, જ્યાં તબીબોની ટીમ દ્વારા તેની વિશેષ સારવાર ચાલી રહી છે.

આ ઘટના ફરી એકવાર સાબિત કરે છે કે ફટાકડા ફોડતી વખતે રાખવામાં આવતી નાની અમથી લાપરવાહી જીવનભરનું દુઃખ આપી શકે છે. તહેવારોના આનંદમાં સાવચેતી રાખવી અનિવાર્ય છે. ખુશી સિંધવ સાથે બનેલી આ ઘટના સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો વિષય બની છે અને વાલીઓ માટે એક લાલબતી સમાન કિસ્સો સાબિત થયો છે. તહેવારો આનંદથી ઉજવો, પરંતુ સાવચેતી અને સલામતીને હંમેશાં પ્રાથમિકતા આપો.

ડભોઈમાં કારમાંથી રૂ.2.80 લાખનો વિદેશી દારૂ ઝડપાયો, બેની ધરપકડ



ડભોઈ : વડોદરા જિલ્લા પોલીસ વડા સુશીલ અગ્રવાલની સૂચનાથી ઓપરેશન પરાક્રમ હેઠળ ડભોઈ પોલીસે દારૂની હેરાફેરી ઝડપી પાડી છે. બાતમીના આધારે સરિતા બ્રિજ પાસે જી.ઈ.બી. કચેરી નજીક GJ-14-BL-0235 નંબરની અર્ટિગા કાર રોકી તપાસ કરતાં ભારતીય બનાવટના વિદેશી દારૂનાં 1,048 ક્વાર્ટર મળી આવ્યાં હતાં. પોલીસે દારૂની કિંમત રૂ.2,80,310, કારની કિંમત રૂ.5 લાખ અને બે મોબાઈલ મળી કુલ રૂ.7,90,310નો મુદ્દામાલ કબજે કર્યો હતો. કારમાંથી ભાવનગર જિલ્લાના ગારીયાધારના સુફિયાન સલીમ બેલીમ અને સૈયદ સલીમ સરદારની ધરપકડ કરી હતી, જ્યારે મધ્યપ્રદેશના છકતલાના રમેશની ધરપકડ બાકી છે. પોલીસે દારૂના સપ્લાય અંગે વધુ તપાસ હાથ ધરી છે.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017 (3568)

વુલન સ્વેટર,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત (201)

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250 (3569)

LCD તથા ટીવી નવી
તથા જુની લે- વેચ તથા અરજન્ટ રીપેરીંગ કરવા માટે મળો- 9016408862 શોએબભાઈ રીંગરોડ ભાઠેના (12503)

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196 (10612)

જુના સામાન લેવામા
આવશે. જુના AC ચાલુ કે બંધ હાલતમાં, જુના 2- વ્હીલર વાહનો, જુની ઘરઘંટી તેમજ તમામ પ્રકારનો જુનો સામાન તમારો જુનો સામાન વેચવા માટે આજે સંપર્ક કરો. Mo. 9316100413 (12683)

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184. (12512)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

ગોવા, , મહાબળેશ્વર
6 દિવસ તા. 11, 17 નવેમ્બર, સારંગપુર વીરપુર, સોમનાથ, દીવ, દ્વારકા 3 દિવસ. સફેદરણ, કાળો ડુંગર, ભુજ, માંડવી, અંજાર, માતાનો મઢ દિવસ- 3 તા. 11, 15, 21 નવેમ્બર, 11 ડિસેમ્બર- અડાજણ. જયેશભટ્ટ: 9909888622 (12682)

મહાદેવ ટુર
એન્ડ ટ્રાવેલ્સ. (અષ્ટવિનાયક, દગડુશેઠ), (ભીમાશંકર, ઘૃષ્ણેશ્વર, ઈલોરા), (સ્ટેચ્યુ ઓફ યુનિટી) (જગન્નાથપુરી, કાશી, બૈધનાથ) (મલ્લિકાર્જુન, રામેશ્વરમ, તિરૂપતિ) (હરિદ્વાર, વૃંદાવન, ખાટુશ્યામ) (ઉજ્જૈન, ઓમકારેશ્વર, બગલામુખી) (દ્વારકા, સોમનાથ, વિરપુર, સાળંગપુર) (શિરડી, શનિદેવ, સપ્તશૃંગી, સાપુતારા) (શામળાજી, અંબાજી, ઉંઝા, મોઢેરા, ચોટીલા) (મહાબળેશ્વર, લોનાવલા) (સફેદરણ) (Daily Service Booking) (ગાડી ભાડે મળશે) (સ્કૂલ પીકનીક) 9998653276 (408)

નોકરી વિષયક

ડ્રાઈવર જોઈએ છે
12 કલાક, 8 કલાક માટે અલથાણ, વેસુ, પીપલોદ એરીયામાં Mo. 8511311422

જોઈએ છે
ટર્નર, ફીટર, ડ્રીલમેન, હેલ્પર, સચીન એરીયા માટે Mo. 9925144406 (12684)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.